Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीजैनधर्म प्रकाश.

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનત્રિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૨ મું. સં. ૧૯૬૨ શ્રાવણ. અંક ૫ મો.

## श्रीपाळराजाना रास उपरथी नीकळतो सार.

(અનુસંધાન પૃષ્ટ ૧૭ થી)

હવે શ્રીપાળરાજાના ચરિત્રનો બીજો વિભાગ શરૂ થાય છે. આ વિભાગમાં તેમને પૂર્વપુણ્યના યોગથી તેમજ આ ભવમાં કરેલા સિદ્ધચક્રના આરાધનથી સુખસંપત્તિની કેવી રીતે વૃદ્ધિ થઈ અને તેમાં પણ અંતરે અંતરે પૂર્વે બાંધેલું અશુભકર્મ નિકાચિત હોવાથી કેવી રીતે વેઠવું પડયું તેનું વર્ણન આવે છે. આ વિભાગમાં બહોળો ભાગ હર્ષજનક છે.

એકદા શ્રીપાળકુમાર કેટલાક લશ્કર સહિત ઉજ્જયિનીમાં ફરવા નીકળ્યા છે. કર્તાએ તેમના રૂપનું વર્ણન અહીં બહુ સરસ રીતે કરેલું છે; પરંતુ અત્રે તે લખવાની આવશ્યકતા નથી, તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તેમાં એટલું લક્ષ તો ખાસ રાખવાનું છે કે એવી રીતે દેશોનું, નગરીનું, રાજસુખનું, સ્ત્રીઓના રૂપનું અથવા ઉત્તમ ભોજ્ય પદાર્થો વિગેરેનું જે જે વર્ણન શાસ્ત્રોમાં કરવામાં આવે છે તે માત્ર શાસ્ત્રને શોભાવવા માટે કરવામાં આવતું નથી પણ પૂર્વે કરેલા પુણ્યનો પ્રત્યક્ષ અનુભવ કરાવવા માટે કરવામાં આવે છે. પુણ્યશાળી પ્રાણીઓજ એવા દેશ, નગર, રાજ્ય, ઋદ્ધિ, સુખ, સંપદા, સ્ત્રી, પુત્ર, પરિવાર અને ભોજનાદિ પામી શકે છે. પૂર્વે જેણે પુણ્ય કરેલું હોતું નથી તેઓ તો બીચારા તેની ઇચ્છામાં ને ઇચ્છામાંજ ભવ પૂરો કરીને ચાલ્યા જાય છે. આવા શુભ હેતુને અંગેજ કર્ત્તાને વિકથા દોષ લાગતોજ નથી.

વળી એવા વર્ણનમાં કેટલાક વાંચનારા બંધુઓ સર્વત્ર અતિશયોક્તિજ માની બેસે છે પરંતુ તેમાં પણ તેની ભૂલ થાય છે; અત્યારે નજરે ન દેખાવાથી કે પોતાને પ્રાપ્ત ન થવાથી અથવા પોતાની બુદ્ધિમાં ન સમાવાથી કોઇ પણ હકીકતને અતિશયોક્તિવાળી માનવી એ યોગ્ય નથી. અત્યારે કલ્પવૃક્ષ, કામધેનુ, કામકુંભ કે ચિંતામણિરત્ન દેખાતાં નથી તેથી શું તે પૂર્વે પણ નહોતાં? હતાં. પણ જેમ રેલ્વે અને તાર વિગેરે સાધનોના અભાવના વખતમાં તે વાત કોઇ કહે તો તે માનવામાં ન આવે તેમ એ વસ્તુઓ આપણે જોયેલ ન હોવાથી અને આપણે તેનો અનુભવ કરેલો ન હોવાથી તે માનવાને આપણું અંતઃકરણ ના પાડે છે પણ તેમાં આપણી ભૂલ થાય છે. અગાઉના વખતમાં વર્ણ ગંધ રસ સ્પર્શાદિ એવા ઉંચા પ્રકારના હતા કે તેનું અત્યારે આપણને દર્શન પણ થઇ શકે નહીં. કેમકે આ કાળ અવસર્પિણી હોવાથી સમયે સમયે તમામ પ્રકારની હાની થતી જાય છે. માટે અસંખ્યાતા કે સંખ્યાતા વર્ષો અગાઉના વર્ણનમાં કોઇપણ પ્રકારની અતિશયોક્તિ સમજવી નહીં, પણ જે વાત જે કાળે સ્થિતિમાં હોય તે કાળેજ તે વાત સંભવે છે એમ સમજવું.

પ્રસ્તુત પ્રસંગમાં શ્રીપાળકુમાર અત્યંત રૂપવંત હતા એ તો નિઃસંદેહ વાત છે કારણ કે એક તો રાજકુમાર છે, યુવાવસ્થા છે, વળી સિદ્ધચક્રના આરાધનથી અને તેના ન્હવણજળથી કાયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરોગી અને કંચન જેવી સુશોભિત થઇ છે. વળી અત્યારે સુખમાં નિમગ્ન હોવાથી તેમાં વૃદ્ધિ થયેલી છે. આવી સ્થિતિમાં તેને મોટા ઠાઠમાઠ સાથે નગરમાં નીકળતા જોઇ પ્રજાવર્ગ જોવા મળે તેમાં કાંઈ આશ્ચર્ય નથી, તેજ પ્રમાણે નગરજનો ચારેબાજુ જોવા મળ્યા છે અને શ્રીપાળકુમાર અશ્વ ખેલાવતા ચાલ્યા જાય છે તેવામાં કોઇ મુગ્ધા બાળિકાએ પોતાની વૃદ્ધ માતા (ડોશી) ને પુછયું કે–'હે માતા ! આ અશ્વ ખેલાવતો કોઇ મહાપુરૂષ જાય છે તે શું ઈંદ્ર છે? ચંદ્ર છે? ચક્રવર્ત્તી છે? કૃષ્ણ છે? કામદેવ છે? કે રામચંદ્ર છે? કોણ છે?' ડોશી બોલી કે–'અરે દીકરી ! એ તો આપણા રાજાના જમાઈ છે, બીજું કોઈ નથી.' વૃદ્ધ ડોશીના ઉંચે સ્વરે બોલેલા આ શબ્દો સાંભળીને શ્રીપાળકુમારે વિચાર્યું કે 'મને ધિક્કાર છે કે હું સસરાને નામે ઓળખાઉંછું!' કહ્યું છે કે–

**ઉત્તમ આપ ગુણે કરી, મધ્યમ બાપ ગુણેણ;**
**અધમ કહ્યા માઉલ ગુણે, અધમાધમ સુસરેણ.**

"ઉત્તમ પુરૂષો પોતાના ગુણથીજ ઓળખાય છે, મધ્યમ પુરૂષો બાપના ગુણથી ઓળખાય છે, અને જે પોતાના મોસાળીઆથી–મામાથી ઓળખાય કે આ અમુકનો ભાણેજ થાય છે તે પુરૂષ અધમ ગણાય છે અને જે સાસરાવડે ઓળખાય તે અધમાધમ ગણાય છે."

આવા વિચારની શ્રેણી ચાલતાં શ્રીપાળનું મન ઉદાસ થઇ ગયું એટલે તે રયવાડીથી પાછા વળી પોતાના મકાન ઉપર આવ્યા; ત્યાં તેમનું ચપળ ચિત્ત જોઇને તેમજ મુખપર છાયા આવેલી જોઇને પુણ્યપાળે પુછયું કે "હે કુમાર ! આજે આમ આમણદુમણા કેમ જણાઓછો ? તમારા હૃદયમાં જે ઇચ્છા થઇ હોય તે પ્રગટ કરો. કહો તો તમારૂં ચંપાનગરીનું રાજ્ય લઇએ? શું વિચાર છે?" આ પ્રમાણે સાંભળીને શ્રીપાળ બોલ્યા કે–"સાસરાના બળે રાજ્ય મેળવવું તે યોગ્ય નહીં માટે અમે અહીંથી પરદેશ જશું, અનેક દેશો જોશું, સ્વભુજાના બળથી લક્ષ્મી મેળવશું અને પછી તેના બળવડે જે વિશેષ કરવા યોગ્ય હશે તે કરશું."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યપાળ ને શ્રીપાળકુમાર વચ્ચે થતી આ વાતચિત સાંભળીને કમળપ્રભા ત્યાં આવ્યા અને કહ્યું કે–"હે પુત્ર ! જો તારે પરદેશ જવું હશે તો હું તારી સાથે આવીશ, તને કોઇને ધીરીશ નહીં; કારણ કે મારે સંપત્તિમાં એક તુંજ છે." શ્રીપાળે કહ્યું કે–"હે માતા ! આપ કહોછો તે ખરૂં છે, પરંતુ પરદેશમાં પગબંધન હોય છે તો ખટાતું નથી માટે તમે તો કૃપા કરીને આશિષ આપો એટલે હું નિર્વિઘ્ને અનેક પ્રકારની ઋદ્ધિ મેળવીને આપના ચરણમાં આવી પગે લાગું." માતાએ તો તરત પુત્રને શૂરવીર જાણી રજા આપી, અને કહ્યું કે "હે પુત્ર! ખુશીથી પરદેશ જાઓ; કુશળ રહેજો, ઉત્તમ કામ કરજો, ભુજાબળથી વૈરીઓને વશ કરજો, પાછા વહેલા આવજો, કોઈ પ્રકારનું કષ્ટ કે સંકટ આવી પડે તો નવપદનું ધ્યાન કરજો, રાત્રિએ જાગતા રહેજો, નિરંતર સાવધાન રહેજો, અને સિદ્ધચક્રના અધિષ્ઠાયક દેવી દેવો તને માર્ગમાં સહાય કરજો."

માતાએ તો આ પ્રમાણે રજા આપી; પણ મયણાસુંદરી તે વાત જાણી પતિ સમીપે આવીને બોલી કે–"હે સ્વામી ! હું તો તમારી સાથેજ આવીશ, કારણ કે દેહને છાયા જુદી હોયજ નહીં. વળી માર્ગમાં આપની સેવાચાકરી કરનાર કોણ? તેમ હું તમારો વિરહ એક ક્ષણ પણ સહન કરી શકું તેમ નથી. અગ્નિ સહન કરવો સુલભ છે પણ પતિનો વિયોગ સહન કરવો દુર્લભછે."

શ્રીપાળકુમારે તેને આશ્વાસન આપીને કહ્યું કે–"હે મયણાસુંદરી ! તમારે અહીં રહેવું તેજ ઘટિત છે. અહીં રહીને માતાજીની ચાકરી કરજો, હું કાર્ય સિદ્ધ કરીને વહેલો આવીશ માટે સાથે આવવાનો આગ્રહ તજી દ્યો."

મયણાએ પતિની આજ્ઞા પ્રમાણ કરી પરંતુ એટલું કહ્યું કે "હે સ્વામી ! મારા પ્રાણ તો તમારી સાથેજ આવશે, માત્ર આ ખાલી દેહપિંજરજ અહીં રહેશે એમ માનજો, વધારે શું કહું ? વળી હે સ્વામી ! આપના વચન અનુસાર વહેલા પધારજો, માર્ગે કદી નવી નવી સ્ત્રીઓ પરણો તો પણ મને વિસારી મુકશો નહીં. હું આજથી એકાસણા કરીશ, સચિત્તનો ત્યાગ કરીશ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂમિએ શયન કરીશ, શૃંગાર માત્ર તજી દઇશ. સિદ્ધચક્રના પસાયથી એવો ધન્ય દિવસ આવશે કે જ્યારે પાછી આપના દર્શન કરીને શૃંગારાદિ ધારણ કરીશ."

પછી માતાએ તિલક કર્યું. શુભ શુકનો થયાં એટલે વિજય મુહૂર્ત ચંદ્રનાડીમાં સ્વર પ્રવેશ થતાં શ્રીપાળ કુમારે ઢાલતરવાર માત્ર સાથે લઇને એકાકી પ્રયાણ કર્યું. માર્ગમાં અનેક ગામ નગરો જોતાં, અનેક કૌતુક નિહાળતાં અને આનંદ મેળવતાં અનુક્રમે એક પર્વતના શિખરપર ચડ્યા. ત્યાં અતિ શિતળ વૃક્ષોની ઘનઘટામાં ચંપાના વૃક્ષની નીચે એક વિદ્યાસાધક ઉંચી બાંહ્યો કરીને જાપ જપતો હતો. કુમારને જોતાં જાપ પૂરો કરી પ્રણામ કરીને તે બોલ્યો કે 'હે સત્પુરૂષ ! તું ભલે આવ્યો, તારા આવવાથી મારૂં કાર્ય સિદ્ધ થશે.' કુમારે કહ્યું કે "મારે યોગ્ય કાર્ય હોય તે બતાવો. પૂર્વે પરોપકારી પુરૂષોએ પોતાના દેહ, દ્રવ્ય ને રાજ્ય બધું પરોપકાર માટે આપેલું છે." સાધક બોલ્યો કે–"હે કુમાર ! મારા ગુરૂએ ઘણી કૃપા કરીને મને એક વિદ્યા આપેલી છે, તે સાધવા માટે મેં ઘણો ઉદ્યમ કર્યો પણ તે સિદ્ધ થતી નથી. કારણકે ઉત્તરસાધક પુરૂષ વિના મન સ્થિર રહેતું નથી અને મન સ્થિર રહ્યા વિના વિદ્યા સિદ્ધ થતી નથી. માટે તમને મારી એક વિનંતિ છે કે તમે મારા ઉત્તરસાધક થાઓ." કુમારે તે વાત કબુલ કરીને કહ્યું કે–"તમે મન સ્થિર કરીને વિદ્યા સાધો. હું ઉત્તરસાધક છતાં તમને ક્ષોભ પમાડનાર કોણ છે ?" આ પ્રમાણેની કુમારની સહાયથી તેણે વિદ્યા સાધવા માંડી. તે તત્કાળ સિદ્ધ થઇ. ઉત્તમ પુરૂષ જ્યાં આદર કરે છે ત્યાં નવનિધિ પ્રાપ્ત થાય છે પછી તે વિદ્યાધરે કુમારને બહુ આગ્રહ કરીને જળતરણી અને શસ્ત્રઘાતનિવારણી એવી બે ઔષધિઓ આપી. તે લઇને કુમાર ને વિદ્યાધર બંને આગળ ચાલ્યા. માર્ગમાં ધાતુર્વાદીને રસ સાધતાં દીઠા. વિદ્યાધરને જોઇને તેઓ બોલ્યા કે–"તમે જે વિધિ બતાવ્યો હતો તે પ્રમાણે અમે ઘણો પ્રયત્ન કર્યો પણ રસ સિદ્ધ થતો નથી." એટલે કુમારે કહ્યું કે 'એક વખત મારા દેખતાં તમે ફરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિધિ કરો.' કુમારની નજરે તે પ્રમાણે કરતાં તત્કાળ તેની સિદ્ધિ થઇ. પછી તે રસવડે પુષ્કળ સુવર્ણ ઉત્પન્ન થવાથી તેઓએ કુમારને આગ્રહ કર્યો કે "તમે આમાંથી જોઇએ તેટલું સુવર્ણ લઇ લ્યો." કુમાર કહે કે–'એનો ભાર કોણ ઉપાડે?' આ પ્રમાણે કહ્યા છતાં પણ ધાતુર્વાદીઓએ થોડુંક સુવર્ણ કુમારને છેડે બાંધ્યું. કુમાર ત્યાંથી આગળ ચાલ્યા.

અનુક્રમે ફરતા ફરતા કુમાર **ભરૂચ** બંદરે પહોચ્યા. ત્યાં સુવર્ણ વેચીને શોભિતાં વસ્ત્ર તથા હથિયાર વિગેરે ખરીદ કર્યાં અને બંને ઔષધિઓ પણ સુવર્ણ મઢીને પોતાને હાથે બાંધી, આનંદ વડે કૌતુક જોતા ફરવા લાગ્યા.

હવે કોસંબી નગરીમાં ધવળ નામે એક શેઠ રહે છે. તે અનર્ગળ દ્રવ્યવાળો હોવાથી લોકો તેને **કુબેરભંડારી** કહે છે. તે શેઠ વ્યાપારનિમિત્તે કરીઆણાઓનાં અનેક ઉંટ તથા ગાડાંઓ ભરીને ફરતો ફરતો ભરૂચ બંદરે આવ્યો અને ત્યાં લાવેલા કરીયાણાં વેચ્યાં. તેમાં તેણે પુષ્કળ લાભ મેળવ્યો. પછી જળ માર્ગે વ્યાપાર કરવા માટે જવા સારૂ તેણે ઘણી જાતનાં બીજાં કરીયાણાંઓ ખરીદ કર્યાં અને તેને માટે ૫૦૦ વહાણો ખરીદ કરીને તેમાં તે માલ ભર્યો.

ધવળશેઠનાં ૫૦૦ વહાણોમાં મુખ્ય વહાણ ૬૦ કુવા સ્થંભવાળું જુંગ જાતિનું હતું. બીજાં ૬૮ વહાણો સોળ સોળ કુવા સ્થંભવાળાં હતાં અને તે શિવાય સફરી વહાણો અનેક જાતિનાં હતાં. વહાણ માલ વડે ભરીને પછી તેને રસ્તે પાડવા માટે રાજાની આજ્ઞાથી બંદરમાં લાવવામાં આવ્યાં. તે વખતે વહાણનો માલમ સમુદ્રયાત્રા સંબંધી પુસ્તકો જુએ છે, શુકાની શુકાન સંભાળે છે, ધ્રુ તપાસનારા તેની તપાસ રાખે છે, પાણી માપનારા પાણી માપ્યા કરે છે, કરાણી બધી વસ્તુઓ સંભાળે છે, નાખુદા સર્વનો ન્યાય કરે છે, પંજરી વાયુની પરીક્ષા કરે છે, ખારવાઓ પૂરી મહેનત કરી રહ્યા છે અને હલેસાં મારનારા પોતાના કાર્યમાં સાવધાન થઇ ગયા છે.

વહાણોને ચારે બાજુ રંગબેરંગી વાવટાઓ બાંધેલા છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વાયુ વડે ફરકી રહ્યા છે. અનેક વાજીંત્રો વાગી રહ્યાં છે. વહાણ શોભિતાં કરી દીધાં છે, કેટલાંક વહાણ સાત સાત માળવાળાં છે, તેમાં ચારે બાજુ તોપો ગોઠવી દીધેલી છે તે કોઈ શત્રુનાં અથવા ચાંચીયાનાં વહાણો આવે તો તેને ખોખરા કરી નાખે તેવી છે. મહા જોરાવર દશ હજાર સુભટો અનેક પ્રકારનાં હથીઆરો ધારણ કરીને મોરચે મોરચે બેસી ગયા છે. માર્ગમાં જોઇએ તેટલું જળ અને ઈંધણ પણ લઈ લીધેલ છે. બીજા કેટલાક વ્યાપારીઓ પણ પોતપોતાનો માલ ભરી નોર રોકડો આપી જુદા જુદા ગોખમાં પોતપોતાની બેઠક ઉપર બેસી ગયા છે.

હવે વહાણ ઉપડવાની તૈયારી થઈ એટલે મોટા જુંગજાતિના વહાણની મોટી તોપ ફોડવામાં આવી. તે સાથે તમામ વહાણની નાની મોટી તોપોના પણ ધડાકા થયા અને ખારવાઓએ પોતપોતાનાં વહાણનાં નાંગરો ઉપાડવા માંડ્યાં. ઘણું જોર કર્યું પણ નાંગર હલ્યાએ નહીં તો ઉપડવાની તો વાતજ શી ? ધવળ શેઠને એ ખબર પહોચ્યા એટલે તેને ચિંતા થઇ પડી. બીજો ઉપાય ન હોવાથી તે શીકોતરને પુછવા ગયો. શીકોતરે કહ્યું કે– "હે શેઠ ! સમુદ્રના અધિષ્ઠાયક દેવે વહાણો સ્થંભ્યા છે તે બત્રીશલક્ષણા પુરૂષનો ભોગ આપશો તો છોડશે. તે શિવાય વહાણ ચાલી શકશે નહીં."

હવે ધવળશેઠ રાજાની આજ્ઞા લઇને બત્રીશ લક્ષણા પુરૂષની શોધ કરાવશે, તેમાં શ્રીપાળ કુમારજ નજરે ચડવાથી તેને પકડવા જતાં મોટો સંગ્રામ થઇ પડશે, તેને પરિણામે શ્રીપાળ કુમાર ધવળશેઠની સાથે સમુદ્રપ્રયાણ કરશે, તેનું વર્ણન આગળ આપવામાં આવશે.

અહીં સુધી વર્ણવેલી હકીકતમાં જે જે સાર ગ્રહણ કરવા યોગ્ય છે તેમાં પ્રારંભમાંજ **ઉત્તમ મનુષ્યે પોતાના ગુણવડેજ ઓળખાવું જોઇએ** એ મુખ્ય સાર ગ્રહણ કરવાનો છે. એક કવિ કહી ગયેલ છે કે–

**गुणीगणगणनारंभे, न पतति कठिनी ससंभ्रमा यस्य ।**
**तेनांबा यदि सुतिनी, वद वंध्या किदृशी नाम ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ગુણી પુરૂષોની ગણત્રી કરવાના પ્રારંભમાંજ સસંભ્રમથી જેના નામપર આંગળી પડતી નથી, અર્થાત્ ગુણીજનોમાં જે પ્રથમજ ગણાતો નથી તેવા પુત્રવડે જો માતાને પુત્રવાળી કહીએ તો પછી વાંઝણી કોને કહીએ? અર્થાત્ તેવા પુત્રની માતાનેજ વાંઝણી કહેવા યોગ્ય છે. **ગુણવિનાનો પુત્ર હોય તે ન હોવા બરાબર છે.**

આ હકીકત સુજ્ઞજનોએ ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. શ્રીપાળકુમારને એક વચન સાંભળવા માત્રથીજ જેમ ચાનક ચડી તેમ ઉત્તમ જનોને એવી બાબતમાં ચાનક ચડતાં વાર લાગતી નથી, કેમકે તેજી અશ્વ ચાબકનો સ્પર્શ પણ સહન કરી શકતો નથી. ખરજ યષ્ટીપ્રહારો સહન કર્યા કરે છે. મૂર્ખ જનોની એવી રીતિ હોય છે. અનેક મનુષ્યો બાપની મીલ્કત ઉપર તાનામાના કરે છે. વ્યસનોમાં ચકચૂર રહે છે અને અભિમાનના પુતળાં બને છે. તેને માટે આ હકીકત પૂરેપૂરી ધડો લેવા લાયક છે.

ત્યારપછી પુણ્યપાળ માત્ર આકૃતિ ઉપરથી શ્રીપાળકુમારને ચિંતાગ્રસ્ત જાણે છે. માતા તેમની વાત સાંભળીને આવે છે, સાથે આવવા વિચાર જણાવે છે, પરંતુ પુત્રની દલીલ સાંભળતાં તરતજ તેને દેશાંતર જવાની રજા આપે છે અને કેટલીક શિખામણ દે છે. સિંહના બાળકને વનમાં ફરવા જતો જોઇને તેની માતા સિંહણ મનમાં શંકાતી નથી તેમજ શૂરવીર પુત્રની માતા પુત્રને પરદેશ જતો જાણી શંકિત નજ થાય એ સંભવિત છે.

માતાએ શ્રીપાળકુમારને આપેલી શિખામણ ખાસ લક્ષમાં રાખવા લાયક છે. પરદેશમાં તેને અનુસારે જે ચાલે છે તે કોઇ પ્રકારની નુકશાનીમાં આવી પડતા નથી. માતાનું નિશાન ખાસ સિદ્ધચક્રની ભક્તિ ઉપર છે. કષ્ટ પડે ત્યારે તેનું સ્મરણ કરવાનું કહ્યું છે. ત્યાં ઉપલક્ષણથી દર વખત તેનું સ્મરણ કરવું એમ સમજવાનું છે, કારણકે પરદેશમાં કષ્ટનો સંભવ દરવખત હોય છે.

માતાની રજા મેળવ્યા છતાં મયણાસુંદરીને સમજાવવામાં વધારે મુશ્કેલી પડે છે, કારણકે સ્ત્રીનો સ્નેહ અપ્રતિમ હોય છે. તેને પણ શ્રીપાળકુમાર સમજાવે છે એટલે તે પતિની આજ્ઞાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણુ કરે છે. તે મૂર્ખ સ્ત્રીઓની જેમ પોતાના દુરાગ્રહને પકડી રાખતી નથી.

પતિના પરદેશગમનને પ્રસંગે સુજ્ઞ સ્ત્રીઓએ કેવું વર્તન રાખવું જોઇએ એ મયણાએ શ્રીપાળકુમારને જણાવેલ વિચારો જણાવી આપે છે. તેથી વિરૂદ્ધ વર્તનવાળી સ્ત્રીઓ પોતાના શિયળ રત્નને ગુમાવી બેસે છે. પતિના વિયોગને પ્રસંગે જ્યારે શૃંગારજ સજવાના નથી ત્યારે પછી બહાર સાંસારિક પ્રસંગોમાં બહુધા જવું આવવું પણ રહેતું નથી. તેથી પરપુરૂષનો પ્રસંગ, હાસ્યાદિ નિમિત્ત, કામેચ્છાનો પ્રાદુર્ભાવ વિગેરે પણ રહેતું નથી. માટે શીળગુણાભિલાષી સ્ત્રીઓએ મયણા સમાન વર્તન રાખવું યોગ્ય છે.

શ્રીપાળકુમારને પરદેશ જતાં માર્ગમાં વિદ્યાસાધક મળે છે. તેની વિદ્યા શ્રીપાળકુમારના ઉત્તરસાધકપણાથી સિદ્ધ થાય છે. ઉત્તમ જનોની પુણ્ય પ્રકૃતિ તેના પ્રસંગમાં આવનારા બીજાઓને પણ હિતકારક થાય છે.

ઉત્તમજનો ઉપકારનો બદલો ઇચ્છતાજ નથી, પરંતુ કૃતજ્ઞ મનુષ્યો બદલો આપ્યા શિવાય રહી શકતા નથી. વિદ્યાધરના ને ધાતુર્વાદીના બંનેના પ્રસંગમાં આ હકીકત પ્રત્યક્ષપણે દેખાવ આપે છે.

ધાતુર્વાદીને રસસિદ્ધિ પણ શ્રીપાળકુમારની દૃષ્ટિએ વિધિ કરવાથી થઇ જાય છે. ઉત્તમ જનોની દૃષ્ટિમાં પણ એવો ગુણ રહેલો હોય છે કે તે ભૂલ થતી હોય તો થવા દેતા નથી. કોઇ ઉત્તમ જનના સંગમાં રહો અને પછી તે સંગતિનું મહાત્મ્ય જુઓ.

ધાતુર્વાદી પુષ્કળ સોનું લેવા આગ્રહ કરે છે ત્યારે શ્રીપાળ કુમાર તેને ભારભૂત ગણે છે. એક વખત એવો પણ હતો કે સવારમાં ભુખ લાગી તે વખતે ખાવાનું કાંઇ નહોતું અને માતાએ દુધ સાકર માગનારા પુત્રને કુસકા મળવા પણ દુર્લભ છે એમ કહી ખેદ દર્શાવ્યો હતો. પુણ્ય ને પાપના ઉદય વખતે પ્રાણીએ તદનુકૂળ સ્થિતિ ભોગવવી પડે છે; તેમાં કશું બળ જોર ચાલી શકતું નથી.

પાસે દ્રવ્ય નથી, સુવર્ણ હોય તો કામનું છે, છતાં જેણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘરેથી કાંઇ સાથે લીધું નથી તે અહીંથી શામાટે ભાર ઉપાડે? તોપણ ધાતુવાદીઓ થોડું સોનું કુમારની ગાંઠે બાંધી દે છે અને શ્રીપાળકુમાર ભરૂચ જઇને તેનો ઉપયોગ કરે છે.

હવે શ્રીપાળકુમારની સાથે એક બીજા મહા લોભી પુરૂષનો સમાગમ થવાની શરૂઆત થાય છે. કોસંબીવાસી ધવળશેઠ વ્યાપાર નિમિત્તે ભરૂચમાં આવે છે. પુષ્કળ દ્રવ્ય હોવાથી કુબેર ભંડારી કહેવાતાં છતાં લોભનો થોભ નથી. સ્થળમાર્ગે ગાડાં ને ઉંટો ભરી ભરૂચ આવ્યો એટલુંજ નહીં પણ ત્યાં લાખો ને ક્રોડો દ્રવ્ય પેદા કર્યા છતાં પાછો જળમાર્ગે વ્યાપાર કરવા માટે જવા તૈયાર થયો, પાંચશેં વહાણો ભર્યા; બીજા વ્યાપારીઓ પણ શક્તિઅનુસાર ઓછો વત્તો વેપાર કરવા થોડાં ઘણાં કરીઆણાં લઇને તેના વહાણમાંજ બેઠા.

અહીં વહાણની જાતિનું, તેની શોભાનું, તેમાં કામ કરનારાઓનું તથા તેમાં અનેક પ્રકારની સગવડોનું દિગ્દર્શન કરાવેલું છે. જળવટ સ્થળવટનો વ્યાપાર તો અગાઉ પણ ઘણો ચાલતો હતો તે આ હકીકત ઉપરથી દૃષ્ટિગત થાય છે. કારણ કે ધવળશેઠની જેવા બીજા પણ ઘણા વેપારીઓ ભરૂચ જેવા અનેક બંદરોએ વેપાર કરનારા હશે. હવે તેઓ કયાં સુધી વ્યાપાર કરવા જળવાટે જતા હતા અને ત્યાં કેવી રીતે વર્તતા હતા તે જાણવાને વિચારવાનું બાકીમાં રહે છે. આ સંબંધમાં હવે પછી આવનારા બીજા પ્રસંગોને અવસરે કેટલાક વિચારો જણાવવામાં આવશે. અત્ર વધારે લખવાની આવશ્યકતા નથી.

ધવળશેઠનાં વહાણોએ ઉપડવાની તૈયારી કરી પણ દેવતાએ ચાલવા દીધાં નહીં. ધવળશેઠના પુછવાથી શીકોતરી દેવીએ તેનો ખુલાસો કર્યો. ધવળશેઠ તે દેવીનો ભક્ત જણાય છે. મિથ્યાદૃષ્ટિ દેવીદેવતાઓ પોતે માંસના ભોગી હોતા નથી કેમકે દેવતાને કવળાહાર નથી, છતાં બત્રીશ લક્ષણા પુરૂષનો ભોગ લેવાનું માત્ર ક્ષણિક આનંદ મેળવવા માટે બતાવ્યું, અને પાપ વડે પણ પૈસો મેળવવા ઇચ્છનારા લોભાંધ ધવળશેઠે તે વાત સ્વીકારી. હવે તેનું પરિણામ શું આવે છે તે આગળ જણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવતા પ્રકરણથી આપણા કથાનાયકની સાથે એક એવા દુર્જન મનુષ્યનો સંબંધ શરૂ થશે કે જે પોતાની દુર્જનતા વારંવાર પ્રગટ કરશે; છતાં ખરી સજ્જનતાને ધારણ કરનાર શ્રીપાળકુમાર તેના કૃત્યને લક્ષમાં પણ લેશે નહીં. સજ્જન દુર્જનની કૃતિનું ચિત્ર આ કથાપ્રસંગમાં બહુ શ્રેષ્ઠ પ્રકારે ચિતરવામાં આવ્યું છે તે હવે પછી ક્રમે ક્રમે આપવામાં આવશે. હાલ તો શ્રીપાળકુમાર ને ધવળશેઠ બંને ભરૂચમાં છે. એક આનંદમાં દિવસો ગાળે છે ત્યારે બીજો ચિંતામાં નિમગ્ન થયેલો છે. તે બંનેના સંયોગનું પરિણામ હવે પછી પ્રદર્શિત કરવામાં આવશે.

## ग्रंथावलोकननुं परिणाम.

અમારા વૈશાખમાસના અંકની અંદર શ્રી પાલીતાણા **જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગે** બહાર પાડેલ **શ્રી ધર્મસંગ્રહ ગ્રંથનું** અવલોકન કરવામાં આવ્યું છે તે વાંચીને સદરહુ વર્ગ તરફથી બહાર પડતા **આનંદ** નામના માસિકમાં તેમણે **"ગ્રંથાવલોકનનો આભાર"** એ મથાળા નીચે ઘણું લખાણ કર્યું છે. એ વાંચીને હવે 'જ્યાં ગુણ ન થાય ત્યાં વિશેષ કહેવું કે લખવું હિતકર નથી, માટે એવા કાર્ય પરત્વે મૌન રહેવુંજ ઘટિત છે' એમ ભાસ્યું છે તે છતાં કેટલાક ખુલાસા કરવાની આવશ્યકતા જણાયાથી આ લેખ લખવાની જરૂર પડી છે.

સદરહુ **આનંદ**માં આપેલો લેખ મજકુર ધર્મસંગ્રહ ગ્રંથનું ભાષાંતર કરનાર પાસેજ લખાવ્યો છે અને સદરહુ વર્ગના આગેવાનોએ તે ભાષાંતર તપાસ્યું નથી તેમ આ લેખ પણ તપાસ્યો જણાતો નથી. તપાસ્યો હોત તો માલમ પડેત કે તેની અંદર ભાષાંતરકર્ત્તાએ પોતાનો-બ્રાહ્મણવર્ગનો કેટલોબધો ઉત્કર્ષ બતાવ્યો છે અને જૈનકોમના ગૃહસ્થવિદ્વાનોના સમુદાય ઉપર કેટલો આક્ષેપ કર્યો છે? પરંતુ તે માસિકના તંત્રી તો જ્યારે નામનાજ છે અને બી. બો. મજકુર શાસ્ત્રીના દોરવ્યા દોરાય છે ત્યારે અમારે લખવાપણું રહેતુંજ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧ અમારા લખાણુમાં **वदतो व्याघात** નો દોષ મુકયો છે પણ અમારૂં લખાણુ એક પણુ વખત એવું થયું નથી કે 'તમે બ્રાહ્મણુ શાસ્ત્રી પાસે ભાષાંતર કરાવો નહીં.' પણ 'તેને ભરૂસે રહીને પ્રગટ કરશો નહીં' એવું એકસરખું કાયમ લખાણુ છે જેથી એ દોષ કિંચિત્ પણુ ટકી શકતો નથી.

૨ પછી લખ્યું છે કે "અમે જૈનશાસ્ત્રના પૂર્ણ અનુભવી શાસ્ત્રી પાસે હમેશાં લેખ લખાવતા હતા પણ તે શાસ્ત્રીએ લેખ લખવાનો ભાવ જરા વધારે કહ્યો એટલે બીજા એક બીનઅનુભવી શાસ્ત્રીને સસ્તે ભાવે તે લેખ લખવા આપ્યો. તેમાં કેટલેક સ્થળે અર્થને બદલે અનર્થ થવા લાગ્યો. ઇત્યાદિ." આ લખાણુ કેટલું અસત્યતા ભરેલું છે તે જુઓ. અમે લેખ તો શાસ્ત્રી પાસે કોઇપણ વખત લખાવતાજ નથી માત્ર ભાષાંતર કરાવીએ છીએ, તે ઉપરનું લખાણુ લખનાર શાસ્ત્રીની પોતાની પાસેજ કરાવતા હતા, તેઓ કેટલો અર્થનો અનર્થ કરતા હતા તે જોવાની જેઓને ઇચ્છા હોય તેમણે સદરહુ શાસ્ત્રીનું લખાણુ-અને તેમાં કરવો પડેલો પારાવાર સુધારો જાતે જોઇ જવો. અમારી પાસે મોજુદ છે. આવા કારણુથીજ તેની પાસેથી તે કામ છોડાવવું પડયું ત્યારે હવે તે પોતાને તો 'પૂર્ણ અનુભવી' ઠરાવે છે, અને હાલમાં અમારૂં ભાષાંતરનું કામ કરનાર એટલી બધી કાળજીથી કામ કરે છે કે જેની અંદર બહુ સ્વલ્પ સુધારો કરવો પડે છે; તેને બીનઅનુભવી ઠરાવે છે. આવી રીતે પરનિંદા ને આત્મપ્રશંસા પોતાને હાથે લખનારની કિંમત કેટલી સમજવી તે વાચકવર્ગેજ વિચારવાનું છે. વધારે ઓછા ભાવની વાત તો તદન બનાવટી છે, કારણુ કે બંનેના ભાવ સરખા છે.

૩ તેમણે જૈનવર્ગના ગૃહસ્થ વિદ્વાનોની ઉપર એવો આક્ષેપ કર્યો છે કે "પરોપકારી ગૃહસ્થ વિદ્વાન જૈન કોમમાં થોડાકજ છે, જે છે તે પરોપકાર બુદ્ધિવાળા જવલેજ છે. ઇત્યાદિ." આ લખાણુ જૈનવર્ગ ઉપર કેટલો આક્ષેપ કરનારૂં છે તે મે. આનંદના તંત્રી સાહેબે પોતેજ વિચારવું. અમે હાલ તો પ્રસ્તુતગ્રંથ માટેજ લખવાની જરૂર જાણી લખીએ છીએ કે સદરહુ વર્ગના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિષ્ઠાતાઓ અમારા લખવા પ્રમાણે ભૂલભરેલો સદરહુ ગ્રંથ છપાયો છે એમ હજુ પણ માનતા ન હોય તો કોઇ પણ વિદ્વાન્ મુનિરાજ પાસે અથવા [1]નીચે નોટમાં જણાવેલા જૈનવર્ગના ગૃહસ્થ વિદ્વાનો પૈકી કોઇની પણ પાસે તે ગ્રંથનું મૂળ ને ભાષાંતર સાદ્યંત તપાસરાવી તેમની સહીથી પ્રગટ કરે કે "આ ગ્રંથ અમે સાદ્યંત તપાસ્યો છે અને તેમાં માત્ર નજીવી ભૂલ શિવાય મૂળ ને ભાષાંતર શુદ્ધ પ્રગટ થયેલું છે" એટલે અમારૂં લખાણ પાછું ખેંચી લેશું.

૪ ઉપરાંત તેઓ એમ લખે છે કે "આ ગ્રંથની પહોંચ આપનાર બીજા માસિક વિગેરેના અધિપતિઓની પણ અમે ટીકા કરી છે તે વ્યાજબી કર્યું નથી." અમે હજુ પણ અમારા લખાણને વળગી રહીને કહીએ છીએ કે જેમણે જેમણે એ ગ્રંથની પહોંચ આપી છે તેમણે જો શુદ્ધતા પરત્વે તે ગ્રંથ તપાસ્યો હોય તો તેઓ ખુશીથી તેવો ખુલાસો લખી મોકલે. બીજાઓ તો શું પણ એ આનંદમાં અને આત્માનંદ પ્રકાશમાં એ ગ્રંથની પહોંચ આપવામાં આવી છે અને તેના વખાણ કરવામાં આવ્યા છે. (દીલગીરી સાથે લખવું પડે છે કે એ બંને માસિકમાં પણ સદરહુ શાસ્ત્રીએજ પહોંચનું લખાણ લખેલું છે.) તે બંને માસિકના તંત્રી સાહેબોજ પોતે સદરહુ ગ્રંથ તપાસીને ઉપર પ્રમાણે અભિપ્રાય આપશે તો અમે બીજા કોઇની અપેક્ષા રાખશું નહીં. એટલાથીજ સંતોષ માનશું.

અમે જે બીજા માસિક વિગેરેને માટે લખ્યું છે તે કિંચિત્ પણ તેમના અધિપતિઓને દુઃખ લગાડવા માટે લખ્યુ નથી, પરંતુ બુકોની પહોંચ આપવાનો સામાન્ય રિવાજજ એવો પડ્યો છે કે કોઇ પણ બુક ભેટ આવે તો તેની પહોંચ આપવાની સાથે બે શબ્દો વિવેકના લખવામાં આવે છે.

---

૧ શેઠ અનોપચંદ મલુકચંદ, માણેકલાલ ઘેલાભાઇ, ચુનીલાલ છગનચંદ, કેશવલાલ પ્રેમચંદ, મનસુખ કીરતચંદ, હીરાલાલ હંસરાજ, રવજી દેવરાજ વિગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ છેવટે તે લેખમાં અમારી કાઢેલી ભૂલોને નજીવી ભૂલો ઠરાવીને સદરહુ શાસ્ત્રીએ પ્રસિદ્ધકર્ત્તાઓને રાજી રાખવા પ્રયત્ન કર્યો છે, પરંતુ અમારે લખ્યા શિવાય છુટકો નથી કે અમારી કાઢેલી ભૂલોને નજીવી કહેવામાં આવતી હોય તો મૂળ ને ભાષાંતરમાં થઈને ૧૦૦ થી ૨૦૦ ઠેકાણે નજીવી નહીં પણ સજીવી ભૂલો બતાવવાને માટે અમે તૈયાર છીએ. ઇચ્છા હોય તો ખુશીથી રૂબરૂમાં આવવું.

૬ પ્રાંતે અમારા તરફથી બહાર પડેલા ગ્રંથોના સંબંધમાં લખે છે કે–" તે ગ્રંથો જો અમને મોકલવામાં આવે ને અમે તપાસીએ તો ઘણી ભૂલો નીકળે." આ વાત અમને બહુજ પસંદ પડતી છે, અમારી છપાવેલી તમામ બુકો સદરહુ વર્ગના વેચાણ બુકોના સ્ટોરમાં છે તો તેમાંથી જે બુક પસંદ પડે તે અથવા દરેક બુક તપાસવા મેહેરબાની કરવી ને તેમાંની ભૂલો અમને લખી મોકલવી અથવા છપાવીને પ્રગટ કરવી. અમે અમારી થયેલી ભૂલો સ્વીકારતાં જરા પણ સંકોચાશું નહીં. આ તેઓ સાહેબે ખાત્રી રાખવી. ફક્ત ખોટી ભૂલો કાઢવાની તસ્દી લેવી નહીં.

૭ આ લેખ પૂરો કરતાં સદરહુ વર્ગના અધિષ્ઠાતાઓને ફરીને જણાવવાની આવશ્યકતા જણાવાથી લખીએ છીએ કે આ ગ્રંથના ભાષાંતર કરતાં બીજા ગ્રંથના ભાષાંતરમાં તેમને વધારે ભૂલ ખવરાવી છે. પણ તેમને જ્યારે તે વાત પસંદ પડતી નથી ત્યારે અમને તે વાત લખવાનો અવકાશ પણ નથી, તોપણ દૃષ્ટાંત તરિકે એક વાત લખીએ છીએ કે આપણા શ્વેતાંબર આમ્નાયના કોઇ પણ ગ્રંથમાં એવું નીકળશે નહીં કે 'ભાવતીર્થંકર ભગવંતની સમવસરણમાં જઇને કોઇએ પણ જળ ચંદન પુષ્પાદિ વડે અષ્ટપ્રકારી પૂજા કરી હોય.' આવું લખાણ તમારા કરાવેલા ભાષાંતરમાં છે. આપ તપાસ કરશો અને તે લખાણ કયા આમ્નાયવાળાનું હોવા સંભવ છે તે પણ તપાસજો.

હવે આ વિષયમાં વધારે લખવાની ઇચ્છા રહેતી નથી. ઇત્યલં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# फळनो संदेह.

## ( ખરી પ્રતીત ક્યાં છે ? )

સમ્યક્ત્વના પાંચ અતિચારો પૈકી ત્રીજો અતિચાર ' ધર્મના ફળનો સંદેહ ' એ નામનો છે. આ માનવ સામાન્યપણે એમ વિચારે છે અને જવાબ પણ આપે છે કે ' ફળનો સંદેહ કોને છે ? આપણાથી બની શકતું નથી માટે ધર્મકાર્ય કરતા નથી. ' પરંતુ જરા બારીક દૃષ્ટિ પહોંચાડીને વિચાર કરે તો તરત જણાઈ આવે કે ધર્મકાર્યનું જે ફળ જુદું જુદું દરેક પ્રકારની વિવક્ષા કરીને શાસ્ત્રકારે બતાવ્યું છે તેમજ જેની અંદર સ્વર્ગના સુખની અને શાશ્વત સુખની પ્રાપ્તિ પણ બતાવેલી છે તેવું ફળ આપણે જે ધર્મકરણી કરીએ તેનું મળી શકશે એવી આ પ્રાણીને ખાત્રી છે ? નથી. જો કદિ ખાત્રી હોય તો દશ પાંચ રૂપીઆના કે બસો પાંચસોના અથવા બે ચાર હજારના ચોક્કસ લાભવાળા વેપારને માટે આ પ્રાણી કોઈ વાર પ્રમાદ કરે છે ? નથી કરતો. ત્યારે આવા અમૂલ્ય ફળવાળા ધર્મવ્યાપારમાં પ્રમાદ શામાટે કરે છે ? શું તેને સ્વર્ગના સુખ કડવાં લાગે છે? ના, ના. તેને પ્રતીતિ નથી કે તેવાં સુખ મળશે. જો એવી ખાત્રી થાય, જિન વચન ઉપર પ્રતીતિ આવે તો આ પ્રાણી એક પળવાર પણ પ્રમાદ ન કરે, ઇંદ્રિયોના વિષય સંબંધી ક્ષણિક સુખમાં આસક્ત ન થાય, અનેક પ્રકારનાં જપ તપ સંબંધી કષ્ટો સહન કરે, અને જેટલું કહો તેટલું દ્રવ્ય ધર્મકાર્યમાં વાપરે, પણ મૂળ વસ્તુનાજ ફાંફાં છે. પ્રતીતિ કે વિશ્વાસ નથી. મારો તમારો વિશ્વાસ છે તેટલો જિન વચનનો નથી. શું આ ઓછું ખેદકારક છે ?

જુઓ ! પ્રતીતિ આવવાથી વર્ષા ઋતુના પ્રારંભમાં ખેડુતો લાખો રૂપીઆનું ધાન્ય ધુળમાં નાખી દે છે ( વાવે છે ). તેને વિશ્વાસ છે કે વર્ષાદ થયે એ ધાન્ય સેંકડોગણું ઉગશે અને આપણને મળશે. એમાં તો કેટલીક વાર વર્ષાદ ન આવવાથી બીજ બળી પણ જાય છે તે છતાં તે કાર્યમાં તેઓ શંકા કરતા નથી અને ધર્મકાર્યમાં તો બીજ બળી જવાનુંજ નથી. અવશ્ય ફળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ થવાનીજ છે. અનેક જીવોને તેવું અમૂલ્ય ને અતુલ ફળ પ્રાપ્ત થયાના શાસ્ત્રમાં સ્થાને સ્થાને દૃષ્ટાંતો છે. અહીં પણ નજર પહોંચાડીને જુએ તો પ્રત્યક્ષ ધર્મના ફળને પ્રાપ્ત કરનારા પ્રાણીઓ સુખનો અનુભવ કરતા દેખાય છે, પરંતુ મિથ્યાત્વ મોહિનીના પરવશપણાથી આ પ્રાણીને ધર્મના ફળનો નિરધાર હૃદયની અંદર થઇ શકતો નથી. તેથી મોઢે તો હાહા કરે છે પરંતુ અંતઃકરણમાં શંકાકુળપણું હોવાથી ધર્મકાર્યમાં તથાવિધ વીર્ય ફોરવી શકતો નથી માટે ભવ્યજીવોએ અનાદિ મિથ્યાત્વને તજી સમ્યક્ત્વના અતિચારને પણ દૂર કરી ધર્મના ફળનો સંદેહ ન કરવો અને અહર્નિશ ધર્મકરણીમાં ઉદ્યમવંત થવું.

---

## એક અદ્ભુત સ્વપ્ન.

# जैनोनी आधुनिक स्थितिनुं दिग्दर्शन.

સવારનો પરોઢીઆનો વખત છે, હજી ચંદ્રનું શીતળ અજવાળું આખી પૃથ્વી ઉપર રાજ્ય કરી રહ્યું છે, પણ પોતાથી વધારે બળવાળા સૂર્યનારાયણ થોડા વખતમાં આવવાના હોવાથી પોતાનું ફેલાવેલું રાજ્ય પાછું ખેંચી લેવાની તૈયારીમાં છે, અને તે આપણને કુદરતી દેખાવથી એવું બતાવવાને પણ ઇચ્છેછે કે એક બળવાન કરતાં બીજો બળવાન હોય છે. શેરને માથે સવાશેર હોયજ. પક્ષીઓ આસપાસની ઝાડીમાંથી સુંદર અવાજથી ગાઇને સૂર્યદેવને માન આપે છે; તેવે વખતે શત્રુંજય જેવા પવિત્ર તીર્થે યાત્રાળુઓનો મેળો હોવાથી ઘણા ગૃહસ્થો પધાર્યા હતા તેમાંથી કેટલાએક શેત્રુંજી નદીમાં ન્હાવાની અને પવિત્ર થઈ પવિત્ર ડુંગર ઉપર ચડવાની ઇચ્છા ધરાવતા હતા, તેમાં હું પણ એક હતો; શત્રુંજયાના પવિત્ર તટ પાસે પહોંચતાંજ કેટલાએકો ન્હાવાની તૈયારી કરવા મંડ્યા. તે વખતે કુદરતની લીલા જોતો હું જરા બેઠો, બેસતાંજ આંખ મીંચાઇ ગઈ અને તે વખતે મેં એક અદ્ભુત સ્વપ્ન જોયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાએક પર્વતની ઉંડી ગુફામાંથી ચાલી આવતી એક દેવી મારી નજરે પડી; આહા! શું તેનું લાવણ્ય અને શી તેના હૃદયમાં ધર્મની દાઝ! આપણા શાસ્ત્રોમાં જેવા લક્ષણવાળી કહીછે તેવાજ રૂપવાળી સાક્ષાત્ રૂપસુંદરી જોઇને હું એકાએક ઉભો થયો અને પ્રણામ કરીને ઉભો રહ્યો.

મેં પૂછ્યું–આપનું નામ શું? અને શા માટે અત્ર આવવું થયું છે?

તે કહે–હું જૈન શાસનની દેવી છું, શાસન ઉન્નતિએ કેમ પહોંચે અને તેને સહાય કરનાર જૈન લોકોની સ્થિતિ કેવી રીતે સુધરે તે ઉપર હું વિચાર કર્યા કરૂં છું, મેં તેની યોજના ઘડી રાખી છે; હાલની સ્થિતિ દેખીને મનમાં દુઃખ થવાથી મારી ઘડી રાખેલી યોજના કોઇને કહું તો ઠીક એવા વિચારથી અહીં આવી છું.

મેં કહ્યું–મારાં ધન્યભાગ્ય! આપને જણાવવું હોય તે જણાવો, હું મારાથી બનતો પ્રયાસ કરીશ.

તેણે કહ્યું–પ્રિય વર મહાનુભાવ! સાંભળ. જૈનધર્મ અનંત કાળથી ચાલ્યો આવે છે તે બહુજ ઉંડો, અગાધ, પાર ન પામી શકાય એવો છે; તે કેવળીભગવાન શિવાય બીજાને અગમ્ય છે. અત્યારે આવો ઉત્તમ ધર્મ પાળનાર બહુ થોડા નજરે પડે છે; કેટલાએક તે ધર્મની મશ્કરી પણ કરે છે પણ તે બિચારાઓને ખબર નથી કે આવા ધર્મની સામે બોલવું તે માત્ર સૂર્ય સામે ધુળ ઉડાડવા જેવું છે; અત્યારે આવા દુઃષમ કાળમાં તે ધર્મનો ફેલાવો કરનારા સાધુ મુનિરાજો પણ બહુ ઓછા નજરે પડે છે; પાખંડીનું જોર વધી પડયું છે! સાધુઓમાં પણ ખરેખરો ધર્મનો ફેલાવો કરનારા, ભાષણો આપવાની શક્તિવાળા અને બીજાને અસર કરીને આપણા ધર્મ તરફ વાળવાવાળા તો બહુજ ઓછા નજરે પડે છે; આ જમાનો ભાષણ આપવાનો છે, અત્યારનું સાયન્સ ભણીને તેના દાખલા સહિત જો આપણા શાસ્ત્રોના વિચારો દર્શાવીએ તો તેથી ઘણો ફાયદો થવા સંભવ છે; પણ દિલગીરી સાથે મારે કહેવું પડે છે કે અત્યારના સાધુઓએ સાયન્સનો અભ્યાસ બીલકુલ નહિ કરેલ હોવાથી તેઓ અન્ય ધર્મવાળાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના ધર્મમાં દોરી શકતા નથી; આ બાબત ઉપર મારે ઘણું કહેવાનું છે પણ હાલ તો તે બાબત મુલતવી રાખી જૈનોની ઉન્નતિ કેમ કરવી તે બાબતજ બે બોલ બોલવા માગું છું.

અત્યારે જૈનોમાં કેળવણી વધારવી જોઇએ એ તો સહુ સમજે છે; કેળવણીની જરૂરીઆત વિશે કંઇ મતભેદ છેજ નહિ; પરંતુ આપવા આપવામાં બહુ ફેર પડે છે; કેવી રીતે આપવી તે સમજનાર બહુ થોડા છે; અત્યારની કેળવણીમાં કેટલીએક ખામીઓ છે; પરંતુ એવી કેળવણી લેનારા જૈન ભાઇઓ પણ બહુ નજરે પડતા નથી; જે જૈનો પહેલાં રાજ્યમાં કરતાહરતા હતા, જેમણે ઇંગ્રેજોને પણ મદદ કરીને કેટલાએક પટ્ટા મેળવ્યા હતા, તેઓ અત્યારે ઉતરતી પાયરીએ આવી ગયા છે; તેના મુખ્ય કારણોમાંનું આ પણ એક કારણ કહી શકાય. હવે કેળવણી બાબત કાંઇક કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળ.

કેળવણી. એ ચાર અક્ષરોનો બનેલો શબ્દ છે છતાં તેની અંદર એટલી તો ગૂઢતા સમાએલી છે કે જેમાં આખી દુનીયાના લોકોની જીંદગીનો અને પરલોકનો પણ આધાર છે; આવી કેળવણી માટે પોતાની પાસે ગમે તેટલા પૈસા હોય તેનો પણ વ્યવટાવ થઇ જાય તો તે ખોટું કર્યું નહિ કહી શકાય; પણ તે પૈસાનો યોગ્ય ઉપયોગ કર્યોજ કહેવાશે.

અત્યારે કેળવણીમાં ધાર્મિક અને નૈતિક કેળવણીની ખાસ જરૂર છે; ધાર્મિક કેળવણી એ બધી કેળવણીનું મૂળ છે; ધાર્મિક કેળવણી શિવાય વ્યવહારિક કેળવણી ઉપયોગી કહી શકાય નહિ. ધાર્મિક અને નૈતિક કેળવણીજ ઉત્તમ રીતિ, પ્રમાણિકપણું, સત્યતા અને નિષ્કપટપણા વિગેરે સર્વે ગુણોનું મૂળ છે; કેટલીએક વખત હાલના કેળવણી લીધેલ માણસ ઉપર કંઇક શાસ્ત્રોને અપમાન કરવાનો આરોપ મુકવામાં આવે છે તે પણ ધાર્મિક કેળવણીની તંગીને લીધેજ; જો વ્યવહારિક કેળવણીની સાથોસાથ ધાર્મિક કેળવણી આપવામાં આવે, જો જૈન ધર્મના તત્વો તેના હૃદયમાં ઠસાવવામાં આવે તો હાલની કેળવણી લેનારના હૃદયમાં કોઇ દિવસ પણ શાસ્ત્રવિરૂદ્ધ મત ઉત્પન્ન થવાનો સંભવ રહે નહિ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આને માટે જૈનોની જુદીજ સ્કુલ જોઇએ એમ કહેવાની મારી ઇચ્છા નથી; એ વાત બહુજ ખર્ચવાળી છે તેથી તે હ-મણા દૂર મુકો; પરંતુ જે વિદ્યાર્થીઓ સ્કૂલમાં જતા હોય તેને માટે સ્કૂલનો વખત ન હોય તેને વખતે શાળામાં જઈ શકે તેવી ગોઠવણ થવાની જરૂર છે; અને તેવી શાળાઓનું બંધારણ હાલની શાળાઓના બંધારણથી જુદી જાતનું હોવું જોઇએ; પ-હેલાં તો તેવી વિદ્યાશાળામાં જે માસ્તર હોય તેને ઈંગ્લીશ ભાષાનું અને સાયન્સનું સારૂં જ્ઞાન હોવું જોઇએ અને તેણે બે પ્રતિક્રમણ પંચ પ્રતિક્રમણ કરાવવા સાથે આવી બાબતના સં-બંધમાં આપણા શા શા વિચારો છે અને તે બાબતના સંબં-ધમાં આપણે માનીએ છીએ તે કેટલું બધું સત્ય છે તે દાખલા દલીલ સહીત સાબીત કરી આપવું જોઇએ; જેથી વિદ્યાર્થીઓને આવી શાળામાં આવવાનું પણ મન થાય. આવી શાળા સ્થાપ-વામાં હું નથી ધારતી કે બહુ ખર્ચ થાય; કંઇ દરેક ગામ આવી શાળા સ્થાપવાની જરૂર નથી. પરંતુ જ્યાં હાઇસ્કૂલ–(સામાન્ય ઇન્ગ્લીશ વિદ્યાલય) તથા કોલેજ (મહાન્ ઇન્ગ્લીશ વિદ્યાલય) હોય ત્યાંજ સ્થાપવી; અને બનતા સુધી દરેક વિ-દ્યાર્થી તે શાળામાં આવે એવો બંદોબસ્ત કરવો.

બીજું જૈનો માટે જુદી સ્કૂલ સ્થાપવાની આપણે હિલચાલ કરીએ તે પહેલાં બીજી ઘણી બાબત કરવાની છે. દરેક મહોટા શહેરોમાં બોર્ડીંગની અત્યારે ઘણીજ અગત્ય છે; ઘણા આસપા-સના ગામના સ્ટુડન્ટો સગવડ નહિ હોવાથી ભણવા આવી શક-તા નથી; વળી આવે તેઓને પણ ભણવાને માટે જે એકાંત જોઇએ તે મળી શકતી નથી; બોર્ડીંગમાં જે છોકરો ભણતો હોય તેને કુદરતી રીતેજ જૈન ધર્મ ઉપર લાગણી રહે; અને તે ધર્મ-નું બીજ તેના મનમાંથી કદી પણ જડમૂળથી ઉખડી જાય નહિ એવો સંભવ છે; બોર્ડીંગમાં સાથે સાથે રહેવાથી તેઓને અ-ભ્યાસ કરવામાં પણ બહુ સરળતા પડે અને એક બીજાને મુ-શ્કેલીઓ પૂછી શકે; માટે જુદી સ્કુલ સ્થાપવાનો વિચાર કરવા પહેલાં આને માટે વિચાર કરવો એ વધારે અગત્યનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક જમાનો એવો હતો કે જે વખતે બહુ ભણવાની અગત્યતા નહતી; હાલ જમાનો બદલાઇ ગયો છે; કેળવણી લેનારની સંખ્યા વધતી જાય છે અને અલબત જમાનાને અનુસરીને આપણામાં પણ ફેરફાર થવો જોઇએ. જુના વિચારને વળગી ન રહેતાં, જમાનાને પ્રતિકુળ ન થતાં દેશ, કાળ, ભાવ જોઇને ફેરફાર કરવો એ આપણી ફરજ છે. અને હું તને આટલું કહું છું કે 'પૈસાદારોએ પૈસાથી, લખાણ કરનારાઓએ લખાણથી, ભાષણ કરનારાઓએ ભાષણથી, આ પ્રમાણે દરેક શક્તિવાળાઓએ યથા શક્તિ વીર્ય ફોરવીને જૈન ભાઇઓને અસર કરવાની જરૂર છે; જે લોકો આમાં પોતાની શક્તિ ફોરવતા નથી તેઓને પોતાની કોમ માટે, પોતાના જાતીભાઇઓ માટે કંઇ પણ પ્યાર નથી એમ કહી શકાશે; તેઓ જરૂર વીર્યાંતરાય બાંધે છે એમ સમજવું.

જેટલી પુરૂષોને માટે કેળવણીની જરૂર છે તેટલીજ બલકે તેથી પણ વધારે સ્રીકેળવણીની જરૂર છે. તેઓને બંનેને જુદાંજ કામો બજાવવાનાં છે; પુરૂષોને પૈસા કમાવવાનું કામ અને સ્રીઓને મેળવેલ પૈસાનું રક્ષણ કરવાનું તેમજ તેનો યોગ્ય વ્યય કરવાનું કામ છે; વળી છોકરાંઓ ઉછેરવાં તે પણ સ્રીઓનું કામ છે, છોકરાંઓ એટલે કે ભવિષ્યના પુરૂષ અને સ્રીઓ કે જેઓની ઉપર આખી કોમનો આધાર છે તેઓને કેળવણી આપવી, તેઓમાં સારા સંસ્કાર પાડવા, આ બાબત કંઈ સામાન્ય નથી; ભવિષ્યમાં આખી કોમને સુધારાની ટોચે પહોંચવાની અથવા તો છેલી લાઇને ઉતરવાની, આખા દેશને ઉપયોગી થવાની અથવા નકામા માણસ થવાની, પ્રજાને સારા પાયા ઉપર ચડાવવાની અથવા ભારભૂત થઇ પડવાની એ બધી બાબત એક સ્રીની ઉપર આધાર રાખે છે; હવે વિચાર કરો કે આવી જે ઉપયોગી સ્રી તેને કેળવણી નહિ આપવી એ મહા પાતકી કામ શિવાય બીજું શું કહેવાય! માટે હે મહાનુભાવ! હું તને કહું છું કે 'જે માણસો પોતાની પુત્રીઓને વિદ્યાદાન આપવામાં પછાત રહેશે તેઓ તેના દ્વેષી ગણાશે. દુશ્મનની ગરજ સારશે અને તેણીનો અને તેણીની સાથે તેણીના છોકરાઓનો ભવ બગાડશે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણી રાજ્યદ્વારી સ્થિતિ ઉપર વિચાર કરશું તો તેમાં પણ જૈન કોમ બહુજ પછાત રહી ગએલી છે બલકે રાજ્યદ્વારી સ્થિતિમાં બિલકુલ ભાગજ લેતી નથી. અત્યારે રાજ્યદ્વારી બાબતોમાં ભાગ લેતા અને મોટા અમલદાર થએલા અને રાજ્યમાં પોતાની મરજીમાં આવે તો કંઈ ફેરફાર કરાવવાની શક્તિવાળા એવા કેટલા માણસો જૈનકોમમાં નજરે પડશે?

આપણા સંસારમાં પણ સુધારો કરવાની જરૂર છે, પણ એકદમ હાલમાં ચાલતો સુધારાને નામે કુધારો ન પેસે તેની ઘણીજ સંભાળ લેવાની જરૂર છે. સુધારો એકદમ કરનારમાં કુધારાનો અંશ પેસેજ. પૂરતો વિચાર કરીને ધીમે ધીમે જે કોમમાં સુધારો થાય તે કોમમાં સુધારાને નામે ચાલતો કુધારો પ્રવેશ કરવાને શક્તિવાન થઈ શકે નહિ; માટે આપણે સુધારામાં પછાત રહ્યા છીએ તેની ચિંતા ન કરતાં ધીમે ધીમે સુધારો કરવાની ઘણીજ જરૂર છે.

આજકાલ આપણે નીતિમાં પણ બહુ ઉતરતી પંક્તિમાં આવી ગયા છીએ; સત્ય શું પ્રમાણીકપણું શું, નિરાભીમાનપણું શું, વિગેરે ઘણા ઘણા ગુણો હાલ આપણામાં લય થઈ ગયા જેવા જણાય છે.

આ પ્રમાણે આપણે સાંસારિક, રાજ્યદ્વારી, નૈતિક વિગેરે દરેક બાબતમાં ઉતરતી સ્થિતિમાં આવી ગયા છીએ; આ બાબતની લોકોના મનમાં વારંવાર ઉશ્કેરણી થયા કરવી જોઇએ; હાલમાં સુધરવાની કંઇક શરૂઆત થયેલી મને લાગે છે; તમારી આ વખતે મુંબઈમાં મળેલી કોન્ફરન્સ એ તેનું પહેલુંજ પગથીયું છે અને યાદ રાખવાનું છે કે આટલી બાબતમાં સુધારો કરવો એજ કોમનો સુધારો છે અને જ્યાં સુધી આટલી બાબતમાં સુધારો થયો નથી ત્યાં સુધી કોમ સુધરી નથી એમ સમજવું." મહાદેવીનું આટલું બોલવું પૂરૂં થયું ત્યાં મારી આંખો એકાએક ઉઘડી ગઈ અને ત્યારપછી આ બાબત ઉપર મનન કરતો હું શેત્રુંજીમાં ન્હાઇને પવિત્ર ડુંગરની યાત્રા કરવા ચડ્યો. ઉત્તમ.[1]

---

[1] મર્હુમ ઉત્તમચંદ ગીરધર કાપડીઆએ મુંબઇની કોન્ફરન્સ પછી લખી રાખેલો લેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कच्छ समाचार

**મુદ્રા શહેરમાં ઇનામનો મેળાવડો અને તે પ્રસંગે મુનિ મહારાજ શ્રી હંસવિજયજીએ આપેલું ભાષણ. તે ઉપરથી રાજા મહારાજાઓએ લેવો જોઇતો ધડો.**

વિદ્યાવિલાસી સદ્ગૃહસ્થો અને જૈનવિદ્યાર્થીઓ ! આજે માંડવીનિવાસી શેઠ લખમશી તેજપાળ તરફથી ઇનામનો મેળાવડો કરવામાં આવ્યો છે તે તો આપના જાણવામાં છે, માટે તે વિષે વધુ ન બોલતાં આવી રીતના ઉત્તેજનથી શા શા ફાયદા થાય છે તે તરફ તમારા લક્ષ્યનું આકર્ષણ કરીશ.

મહાશયો ! એક વિદ્વાન્ ગ્રંથકાર જ્ઞાનના ઉત્તેજન માટે આવી રીતનું ફળ દર્શાવે છે—

ये लेखयंति जिनशासनपुस्तकानि,
व्याख्यानयंति च पठंति च पाठयंते ।
श्रृण्वंति रक्षणविधौ च समाद्रियंते,
ते मर्त्यदेवशिवशर्म नरा लभंते ॥

સજ્જનો ! આ અનુપમ કાવ્ય સોનેરી અક્ષરોથી હૃદયપટ્ટ પર કોતરી રાખી અહર્નિશ્ અક્ષરશઃ મનન કરવા જેવું છે. એનો ભાવાર્થ એવો છે કે જ્ઞાનનો ફેલાવો કરવા જે લોકો પુસ્તકો લખાવે છે, વંચાવે છે, ભણે છે, ભણાવે છે, સાંભળે છે અને રક્ષણ કરે છે તે મનુષ્ય સંબંધી, દેવ સંબંધી અને યાવત્ મોક્ષ સંબંધી સુખ પામે છે.

વિદ્યાવિલાસીઓ ! એક શાસ્ત્રકાર વિદ્વત્તા ઉપર પોતાનો કેવો ઉંચો અભિપ્રાય દર્શાવે છે તે તરફ આપનું અંતઃકરણ અર્પણ કરવા જરા તસ્દી લેશો એવી મારી ઇચ્છા છે. વિદ્યાવિનોદી સુમિત્રો ! તે મહાન્ શાસ્ત્રકાર આ પ્રકારે વદે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विद्वत्वं च नृपत्वं च, नैव तुल्यं कदाचन;
स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते.

સુસમાજિકો ! આ શ્લોકનું તાત્પર્ય એવું છે કે જ્ઞાતૃત્વ અને નૃપતિત્વ કદાપિ તુલ્ય થઇ શકતું નથી, કારણકે નૃપતિ સ્વદેશમાં પૂજાય છે અને જ્ઞાની જ્યાં જાય ત્યાં પૂજાય છે. માટે મારા પ્યારા સજ્જનો ! આ બંનેમાં કેટલો તફાવત છે તેનો તમે ચક્ષુનિમિલન કરી જરા વિચાર કરશો તો તમને સ્પષ્ટ જણાઇ આવશે કે અર્કખદ્યોત, સાગરસરોવર, મેરૂસર્ષપ, મૃગમૃગપતિ, સાકરકંકર, કલમશાલિકંગુ, કપૂરભસ્મ, આરામશૂન્ય, ન્યાયાન્યાય, રાજારંક, દયાહિંસા, સત્યાસત્ય અને રત્નકાચમાં જેટલો તફાવત છે તેટલો મોટો તફાવત ઉપર દર્શાવેલા બંનેમાં રહેલો છે. આટલા મોટા તફાવતનું કારણ એવું છે કે કેટલાએક બીનકેળવાયેલા રાજા મહારાજાઓ નિરપરાધી પશુ પક્ષિયોનો શિકાર કરી મોટી શૌર્યતાનો દાવો કરે છે, અને સિંહનો શિકાર કર્યો એટલે તો જાણે શૌર્યતાનો અવધિજ આવી ગયો ! તે શિકારી મહારાજા આદિ ઘાતકી પુરૂષોને હું દયાર્દ્ર ચિત્તે તેમના હિત માટે કહીશ કે તેમણે ખરા ક્ષત્રિત્વનું દિગ્દર્શન કરવા ત્રિપૃષ્ઠ વાસુદેવના દાખલા રૂપી દર્પણમાં અવલોકન કરવું.

મધ્યસ્થ સજ્જનો ! એકદા કોઇ રાજાના શાલિક્ષેત્રના રક્ષકોનું ભક્ષણ કરી એક મોટો સિંહ દેશને ઉપદ્રવ કરતો હતો; તે અપરાધી સિંહને શિક્ષા કરવા રથારૂઢ થઇ ત્રિપૃષ્ઠ વાસુદેવ અને તેમના ભાઇ બાલ્યાવસ્થામાં સિંહગુફાદ્વાર પાસે જઇ પહોંચ્યા, ત્યારે સિંહ સામો થયો. તેને જોઇ ન્યાયવંત ત્રિપૃષ્ઠે વિચાર કર્યો કે 'આ સિંહ વાહન વિનાનો છે, તેની સામે હું વાહનારૂઢ થઇ જઇશ તે કેવું અયોગ્ય ગણાશે !' એમ વિચારી તેણે વાહન છોડી દીધું. ત્યારબાદ વળી તેણે વિચાર કર્યો કે 'આ સિંહની પાસે કોઇ પણ જાતિનું હથિયાર નથી, છતાં હું હથિયાર લઇ તેની સન્મુખ જાઉં છું. તે કેવો નિર્લજ છું ! આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે શું ન્યાયયુદ્ધ કહેવાય !" તેમ વિચારી પોતાનાં શસ્ત્રો મૂકી દીધાં, અને સિંહ જેવા પરાક્રમથી તે સિંહના સામો ચાલ્યો. તેને આવતો જોઇ સિંહ તાજુબ પામી ગયો કે 'પ્રથમ તો જે કોઇ મને મારવા આવતા તે ફોજ સહિત અને હથિયારો સહિત સજ્જ થઈ આવતા; તે પણ બચીને પાછા ગયા નથી, તો આ વળી કોણ અભીમાની હથિયાર રહિત મારી સામે આવે છે? એને હું અભિમાનનું ફળ ચખાડું.' એવા ઇરાદાથી જેવામાં તે ત્રિપૃષ્ઠ ઉપર તલપ મારે છે કે પેલા ત્રિપૃષ્ટે તેના બંને અધર (હોઠ) પકડી કંઠગત પ્રાણ કર્યો; ત્યારે તે સિંહ ખેદયુક્ત ચિત્તે કંપવા લાગ્યો. તે વખતે બળદેવે કહ્યું–'હે મૃગપતિ ! તું ચિંતા કરીશ નહિ કે મને એક હલકા મનુષ્ય માત્રે મારી નાખ્યો છે. જેમ તું વનરાજ છે તેમ આ પણ એક રાજાધિરાજ છે.'

આ ઉપરથી હાલમાં વાઘનો શિકાર કરી વીરતાનું અભિમાન ધરાવનારા પ્રજાપાલ મહારાજાઓ કેટલા ન્યાયી અને શૂરા છે તે સ્પષ્ટ જણાઈ આવે છે.

આ પ્રસંગે ઘાતકીપણું ગુજારતા રાજા મહારાજાઓને અમેરિકાની રાજ્યસભામાં થયેલી પક્ષીઓની અરજી અને ત્યાંના વડા સભાસદ મી. જ્યોર્જને મળેલો અદલ ન્યાય, તેના પરિણામે ત્યાંની રાજસભાએ પક્ષીઓને નહિ મારવાનો પસાર કરેલો કાયદો વાંચી જઈ મનન કરવાની હું અંતઃકરણ પૂર્વક સૂચના કરૂં છું.

સભાસદો ! ઉપર દર્શાવેલું વિદ્વાન્ અને રાજાનું અંતર ખરેખર યોગ્યજ છે. વાસ્તે વિદ્વત્તા મેળવવા આપ પ્રયત્ન કરશો, અને બીજાઓને વિદ્વાન્ બનાવવા ઉત્તેજન આપશો, એવી મારી ખાસ ભલામણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રાવિકાશાળા માટે સ્ત્રીશિક્ષકની જરૂરીઆત.

અત્રે વોરા હઠીશંઘ ઝવેરચંદ તરફની વાર્ષિક રૂ. ૨૦૦) ની મદદ ઉપરથી શ્રાવિકાશાળા સ્થાપવાનું મુકરર કરવામાં આવ્યું છે, તેને માટે એક સ્ત્રીશિક્ષકની ખાસ આવશ્યકતા છે. અભ્યાસ ગુજરાતી ભાષાના સારા જ્ઞાન સાથે પાંચ પ્રતિક્રમણ, નવસ્મરણ તથા જીવવિચારાદિ પ્રકરણોનો અર્થ સહિત શુદ્ધ હોવો જોઇએ. પગાર યોગ્યતાના પ્રમાણમાં આપવામાં આવશે. અરજી નીચેને શિરનામે મોકલવી.

શ્રી જૈન કન્યાશાળા વ્યવસ્થાપક કમીટી.

ભાવનગર.

## શેઠ માણેકલાલ લક્ષ્મીચંદનું ખેદકારક મૃત્યુ.

શ્રીભરૂચનિવાસી ઉપર જણાવેલા ગૃહસ્થ અશાડ વાદ ૧૦ મે સાધારણ વ્યાધીમાં દેહમુક્ત થયા છે. એઓ જ્ઞાતિએ ક્ષત્રી હતા. ધર્મ ઉપર બહુ આસ્તાવાળા હતા. જૈનવર્ગમાં આગેવાન ગૃહસ્થ હતા. એમનો અભાવ થવાથી ભરૂચના સંઘમાં એક લાયક અને શ્રીમંત ગૃહસ્થની ખામી પડી છે. અમારી સભાના સભાસદ હોવાથી સભાને પણ એક લાયક મેમ્બરની ખોટ પડી છે. પરંતુ ભવિતવ્યતા બળવાન છે તેની પાસે કોઇનો ઉપાય નથી. એમ તેના કુટુંબીઓને આશ્વાસન આપવા સાથે ધર્મ કાર્ય તરફ વૃત્તિ દોરવા સુચવીએ છીએ; કારણ કે હવે શોક કરવો તે તદ્દન નિષ્ફળ છે.

## ખુશી ખબર.

અમારી સભાના સભાસદ શ્રીધોરાજીનિવાસી શા. મોહનલાલ નાગજી ડીસ્ટ્રીકટ પ્લીડરની પરીક્ષામાં પાસ થયા છે. એમના પિતા નાગજીભાઈ મદનજી વકીલાતનોજ ધંધો કરે છે. તેઓ ખરા ધર્મચુસ્ત છે. અમે મોહનલાલભાઇને અભિનંદન આપવા સાથે તેઓ હવે પછીના પોતાના ઉદ્યોગમાં વિશેષ ફત્તેહ મેળવે એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શા. કરશનદાસ દામજીનો સ્વર્ગવાસ.

ઉપર જણાવેલા ભાવનગરનિવાસી જૈન ગૃહસ્થ ગયા જેઠ શુદિ ૧૫ મે સુમારે ૭૨ વર્ષની વયે પંચત્વ પામ્યા છે. તેઓ ભાવનગરના સંઘમાં એક આગેવાન ગૃહસ્થ હતા. તેમણે ઘણા વર્ષ સુધી પાંજરાપોળનું કામ કર્યું હતું. તેમની પાછળ તેમના સુપુત્રોએ રૂ. ૫૦૦) ની રકમ નીચે જણાવેલ શુભ નિમિત્તોમાં આપી છે.

| | |
|---|---|
| ૧૦૦) નિરાશ્રિત શ્રાવકો માટે. | ૧૦૦) પાંજરાપોળમાં ૭૫-૨૫. |
| ૬૦) વાર્ષિકતિથિએ આંગીમાં. | ૬૦) જૈનબોર્ડિંગના એક વિદ્યાર્થીને માસ ૧૨ સ્કોલરશીપમાં. |
| ૫૦ પાલીતાણે તળાટીમાં. | |
| ૫૦) પારેવાની જુવારમાં. | ૧૫) દુધની પખાળમાં. |
| ૧૫) શ્રી જૈનવિદ્યાશાળામાં. | ૧૫) શ્રી જૈનકન્યાશાળામાં. |
| ૧૪) સાત ક્ષેત્રમાં. | ૧૦) કમળેજના દેરાસરમાં. |
| ૧૧) અશાડ શુદ ૨ જે આંગીમાં. | ૫૦૦) |

આ પ્રમાણે કાઢેલી તેમજ આપેલી રકમોનો તાત્કાળિક યોગ્ય વ્યય થઇ જવાની આવશ્યકતા છે. દરેક ગૃહસ્થે આ સુચના ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

## જૈન સ્ત્રી લેખકોના ઉત્તેજનાર્થે.

"અ. સૌ. મર્હુમ બાઇ સમરથ ઇનામમાળા."

કોઇપણ જૈન સ્ત્રીલેખકો "નવરાશના વખતમાં સ્ત્રીઓનું કર્ત્તવ્ય" એ વિષય ઉપર આ માસિકના ૭ પૃષ્ટ થાય તેટલું લખાણ લખી મોકલશે તેમાંથી સભાએ નીમેલા બે ગૃહસ્થો જે લેખ પસંદ કરશે તેમાં પહેલા નંબરને રૂ. ૫) અને બીજાને રૂ. ૩) ઈનામ આપવામાં આવશે. લેખ ભાદરવા વદ ૦)) ની અંદર સભાને શિરનામે મોકલાવવો.

## નવું જૈન પંચાંગ.

ચોથી જૈન કોન્ફરન્સના પ્રમુખ શેઠ વીરચંદભાઇ દીપચંદ સી. આઇ. ઈ. ની છબી યુકત દશ મહાશિક્ષા અને કોન્ફરન્સના હેતુ બતાવનારૂં નવી ઢબમાં ઉંચા કાગળપર ત્રણ રંગની શાહીથી છપાવેલું આ જૈન પંચાંગ દરેક જૈન બંધુઓએ ઘરમાં રાખવા લાયક છે. ખર્ચ રૂ૧૦૦) ઉપરાંત થયા છતાં કિંમત નામ પ્રમાણે અરધો આનોજ રાખેલ છે.

For Private And Personal Use Only